**તાપી જિલ્લાના મહેરબાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, તાપી મું.વ્યારા**

**ફોજદારી કેસ નં.:૯૭૫/૨૦૧૫**

**આંક. ૫૬**

વ્યારા પો.સ્ટે.એ.પાર્ટ.II ગુ.ર.નં. ૨૨/૨૦૧૫

ફરીયાદી:– સરકારશ્રી

**વિરુધ્ધ**

આરોપીઓ:– ૨) મોતીસીંગભાઈ ઉર્ફે. મોતીયાભાઈ નવલજીભાઈ

ઉર્ફે નવજીભાઈ ગામીત

રહે. ખ્રિસ્તી ફળીયું,નિશાળની પાછળ કરંજવેલ

તા વ્યારા , જી. તાપી

**<u>ગુનો:– ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૨૮૬ તથા સ્ફોટક પદાર્થ અધિનીયમ ૧૯૦૮ ની કલમ ૪,૫,૬ તથા સ્ફોટક અધિનીયમ ૧૮૮૪ ની કલમ ૫,૯(૧)બી,૧૨</u>**

**<u>કમીટલ ઓર્ડર</u>**

(૧) વ્યારા પોલીસ સ્ટેશને હાલના (મરણ જનાર આરોપી ધનજીભાઈ ઉકીયાભાઈ ગામીત સહિત) વિરૂધ્ધ તપાસ કરીને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ ૨૮૬ તથા સ્ફોટક પદાર્થ અધિનીયમ ૧૯૦૮ ની કલમ ૪,૫,૬ તથા અન્ય ગુના બાબતનુ ચાર્જશીટ રજુ કર્યુ છે,

(૨) સ્ફોટક પદાર્થ અધિનીયમ ૧૯૦૮ ની કલમ ૪,૫,૬ મુજબ નો ગુનો સેશન્સ ટ્રાયબલ છે તે અગે ની ટ્રાયલ ચલાવવાની સતા નામદાર ખાસ અદાલતને હોય તેમ જણાય આવે છે

(૩) સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આંક ૧૧ થી (તા ૨૭/૧૦/૨૦૧૬ )આરોપીઓ સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક ૧૨ થી ૧૩ અન્વયે નિવેદન નોધવામાં આવેલ તેમજ ફરિયાદ પક્ષ તરફે સાહેદોને હાજર રાખતા જુબાની નોધવામાં આવેલ છે જે અન્વયે આરોપીઓ સામે પ્રથમ દર્શનીય ગુનો માલુમ પડેલ જેથી તહોમતાનામું ફરમાવવામાં આવેલ હોય, જેના અનુસંધાને આજ રોજ એપીપી શ્રી ની

રજુઆત ધ્યાને લેતા સ્ફોટક પદાર્થ અધિનીયમ ૧૯૦૮ ની કલમ ૪,૫,૬ ના ગુના બાબતની જોગવાઈ ધ્યાને લેતા સદર ગુના બાબતે ની સતા માત્ર નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબ ની અદાલતને હોય અને સદર કેસ ચલાવવા આ કોર્ટને હકુમત ના હોય, અને તેની ન્યાયિક કાર્યવાહી માટે કેસ નામ.સેશન્સ કોર્ટમા કમીટ કરવાનો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૨૩ હેઠળ આ કેસ મહે. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબ તાપી, મુ.વ્યારાની કોર્ટમા કમીટ કરવામાં આવે છે.

(૨) આરોપીઓને ઈન્સાફ માટે મહે. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબ તાપી, મુ.વ્યારા તરફ મોકલવામાં આવે છે.

(૩) આ કેસના સઘળા કાગળો ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબ તાપી, મુ.વ્યારા તરફ મોકલવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) સરકારી વકીલશ્રીને આ હુકમની જાણ કરવી.

(૫) સદર ગુનાના આરોપીઓને તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ સેસન્સ કોર્ટમાં હાજર રહેવા માટેની સમજ કરેલ છે.

આજરોજ તા. ૦૩ જી માહે એપ્રિલ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી સમજાવી જાહેર કર્યો.

સ્થળ: વ્યારા
તા.૦૩/૦૪/૨૦૨૩

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
ચીફ જયુડી.મેજી.એન્ડ
એડી.સીનીચર સીવીલ જજ,
વ્યારા, મુ.તાપી
જજ કોડ જીજે. ૦૦૮૫૪

ફોજદારી કેસ નંબર ૯૭૫/૨૦૧૫

આંક ૧ લગત હુકમ

સદર કામે આંક ૪૮ થી આરોપીના વિધવાન વકીલશ્રી ધ્વારા જાહેર કરવામાં આવેલ કે આરોપી નંબર ૧ નું મરણ થયેલ છે જે તા ૨૮/૪/૨૦૨૨ ના રોજ પુરોગામી ન્યાયાધીસ ધ્વારા રેકર્ડ પર લેવામાં આવેલ તેમજ તેની સાથે મરણ દાખલાની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ જે અન્વયે તા ૨૮/૨/૨૦૨૨ ના રોજ લાહનુભાઈ ઢેડુભાઈ કોકણીનું અવસાન થયેલ, જે અન્વયે સદર આરોપી લાહનુભાઈ ઢેડુભાઈ કોકણી સામેનો કેસ તેઓના મરણના કારણે બંધ કરવામાં આવે છે

આજરોજ તા. ૦૩ જી માહે એપ્રિલ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી સમજાવી જાહેર કર્યો.

સ્થળ: વ્યારા
તા.૦૩/૦૪/૨૦૨૩

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
ચીફ જ્યુડી.મેજી.એન્ડ
એડી.સીનીયર સીવીલ જજ,
વ્યારા, મુ.તાપી
જજ કોડ જીજે. ૦૦૮૫૪